R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયુબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 14 DATE: 07-04-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## ન્યાયમાં થતાં વિલંબથી લોકોનો ન્યાયતંત્રમાંથી વિશ્વાસ ઘટે છે જેથી વારંવાર સ્ટે લંબાવી શકાશે નહીં : તમામ પેન્ડીંગ સ્ટે રદ થઇ જશે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે ભ્રષ્ટાચાર અને ક્રિમિનલ કેસોમાં સુનાવણી પર લાંબા સમયના મનાઇ હુકમ પ્રાપ્ત કરીને આરોપીઓ દ્વારા ન્યાયની પ્રક્રિયામાં થતા વિલંબને હતોત્સાહ કરી ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવાના એક પ્રયાસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદામાં જણાવ્યુ હતું કે ખટલાની સુનાવણી પરનો મનાઇહુકમ છ મહિનાથી વધુ હોવો જોઇએ નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે નીચલી અદાલતો છ મહિનાના સમયગાળા બાદ કાર્યવાહી આગળ વધારી શકે છે.જેથી આરોપીઓ કેસની સુનાવણી લાંબો સમય વિલંબમાં નાખી શકે નહીં. સુપ્રીમે તાત્કાલિક અસરથી લાગુ કરેલા આ નિયમના કારણે આગામી છ મહિનામાં તમામ પેન્ડીંગ સ્ટે રદ થઇ જશે.. આ આદેશ ન્યાયમાં થતો મહત્તમ વિલંબ એટલે કે ન્યાયના ઇનકારની સંભાવનાઓ ઘટાડશે.અદાલતોમાંથી મનાઇ હુકમ પ્રાપ્ત કરી ન્યાયપ્રક્રિયા વિલંબમાં નાખવાનો જાણે કે ચીલો પડી ગયો છે.સુનાવણી લંબાયા કરતી હોવાથી સાક્ષીઓ ફરી જાય છે.અથવા તેમનું મૃત્યુ થઇ જાય છે.પુરાવા નબળા બને છે જેના કારણે પીડીતો અને કાયદાનો અમલ કરાવતી એજન્સીઓ હતાશ થઇ જાય છે.

જસ્ટીસ આદર્શ કે ગોએલ,જસ્ટીસ આર.એફ. નરીમાન, અને જસ્ટીસ નવીન સિન્હાની બેન્ચે જણાવ્યુ હતું કે ભ્રષ્ટાચારના કેસો ઝડપથી ચાલે તે સમાજના હિતમાં છે.કારણ કે ભ્રષ્ટાચાર સરકારના મહત્વના અંગોને કોરી નાંખે છે.ક્રિમિનલ અને તેમાં પણ વિશેષ ભ્રષ્ટાચારના કેસોમાં વિલંબથી અદાલતોની કામગીરી પર પણ અસર પડે છે.અદાલતની કામગીરી સારી રીતે ચાલે તે સમાજના હિતમાં છે. કેસોમાં થતા વિલંબની સમાજના કલ્યાણ અને વિકાસ પર અસર પડે છે.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે દિવાની અને ટેક્સના કેસોમાં પણ મનાઇ હુકમ આપવામાં અદાલતોએ સંયમ જાળવવો જોઇએ. ફક્ત પ્રાથમિક દષ્ટિનો કેસ પુરતો નથી.મનાઇહુકમની માંગ કરતાં પક્ષકાર પર શરતો લાદવી જોઇએ.અને મનાઇ હુકમનો ઉપયોગ ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ માટે થવો જોઇએ નહીં.

સુપ્રીમકોર્ટે જણાવ્યુ હતું કે ધારાસભાના ડહાપણ અને ક્રિમિનલ પ્રોસિડીંગના ઝડપી નિકાલની અદાલતો અવગણના કરી શકે નહીં. સુનાવણી પર મનાઇ હુકમ આપતી વખતે હાઇકોર્ટે એ વ્યક્તિગત સ્વતંત્રતા અને સમાજની સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવું જોઇએ. બેન્ચે જણાવ્યુ હતું કે અધિકાર ક્ષેત્રનો ઉપયોગ કરી શકે.અદાલતોનો અનુભવ રહ્યો છે કે આરોપો ઘડવાના આદેશોને અપાતા પડકારને મહત્વ આપવામાં આવે છે ત્યારે લાંબા સમય સુધી પડતર રહેતા કેસો ન્યાયતંત્રના હિતોને પરાજીત કરે છે.કોર્ટે જણાવ્યુ હતું કે આ સ્થિતિનો ઉકેલ લાવવાના પ્રયાસમાં અમે મનાઇ હુકમ ધરાવતા તમામ પડતર કેસોમાં અસામાન્ય કેસ સિવાય આજથી છ મહિનામાં મનાઇ હુકમનો અંત આવી જશે.ભવિષ્યમાં પણ અપાનારા મનાઇ હુકમોનો છ મહિનામાં અંત આવી જશે. અદાલતો સ્પીકીંગ ઓર્ડર દ્વારા મનાઇ હુકમને લંબાવી શકશે પરંતુ સ્પીકીંગ ઓર્ડરમાં એ સ્પષ્ટ થવું જોઇએ કે આ કેસમાં ખટલો ચલાવવા કરતાં મનાઇ હુકમ જારી રાખવો વધુ મહત્વનો છે.



## ન્યાયતંત્ર અને સરકારી ભાઇચારાથી લોકશાહીને નુકશાન થાય છે : સુપ્રીમ કોર્ટ જસ્ટીશ ચેલમેશ્વર

સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમુર્તિ જસ્ટીસ ચેલમેશ્વરે મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાને પત્ર લખીને હાઇકોર્ટના ન્યાયમુર્તિઓની નિમણુંકમાં સરકાર દ્વારા થઇ રહેલા હસ્તક્ષેપના મુદ્દે ફુલ કોર્ટમાં ચર્ચા યોજવા સુચવ્યું છે.તેમણે પત્રમાં લખ્યુ છે કે ન્યાયતંત્ર અને સરકારી તંત્રના ભાઇચારાથી લોકશાહીને નુકશાન થાય છે.મુખ્ય ન્યાયમુર્તિને પાઠવવામાં આવેલા પાંચ પાનાના પત્રની નકલ સુપ્રીમ કોર્ટના અન્ય ૨૨ ન્યાયમુર્તિઓને પણ પાઠવવામાં આવી છે.પત્રની નકલ અન્ય ન્યાયમુર્તિઓને એટલા માટે પાઠવવામાં આવી છે કે અગાઉ જ્યારે ચાર વરિષ્ઠ ન્યાયમુર્તિ રંજન ગોગાઇ,મદન બી લોકુર,કુરિયન જોસેફ અને ચેલમેશ્વરે ૧૨ જાન્યુઆરીના રોજ પત્રકાર પરિષદ યોજીને તેમણે મુખ્ય ન્યાયમુર્તિને પાઠવેલા પત્ર પર પગલાં લેવાઇ રહ્યા ના હોવાની ફરિયાદ કરી ત્યારે અન્ય ન્યાયમુર્તિઓએ ટીકા કરી હતી કે પત્રકાર પરિષદ યોજતી વખતે તેમને વિશ્વાસમાં લેવામાં આવ્યા નહોતા.આ પ્રકારની ટીકાથી બચવા ૨૨ ન્યાયમુર્તિઓને પત્રની નકલ પાઠવી છે.

જસ્ટીસ ચેલમેશ્વરના પત્ર પર ૨૧ માર્ચના રોજ હસ્તાક્ષર થયેલા

અનુ. પાન નં.૨ ઉપર

## અમેરિકા હવે ભારતીય કોલ સેન્ટરોની નોકરીઓ છીનવશે

અમેરિકાની સંસદમાં એક બિલ રજુ થયું છે જે મુજબ ભારત સહિતના દેશોમાં અમેરિકન કંપનીઓના કોલ સેન્ટરના લોકેશન જાહેર કરવા પડશે અને ગ્રાહકોને તેમના કોલ અમેરિકામાં જ સર્વીસ એજન્ટને ટ્રાન્સફર કરવાનો હક પણ મળશે.ઓહાયોના સેનેટર શેરોડ બ્રાઉને આ બિલ રજુ કર્યું છે.બિલની જોગવાઇ મુજબ જે કંપનીઓ આઉટસોર્સીંગ કરીને અન્ય દેશોમાં કોલ સેન્ટર મારફતે પોતાની કામગીરી કરાવે છે તેમની એક યાદી જાહેર કરવાની રહેશે.અને જે કંપની વિદેશોમાં નોકરીઓ ન આપતી હોય તેમને સરકારી કોન્ટ્રેકટમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

સેનેટર બ્રાઉને કહ્યુ હતું કે વર્ષોથી અમેરિકન વ્યાપાર અને ટેક્સ નીતિએ એવા બિઝનેસ મોડેલને પ્રોત્સાહન આપ્યું છે, જેને કારણે ઓહોયોમાં કંપનીઓની કામગીરી બંધ થઇ ગઇ છે. અમેરિકાના ભોગે તે ટેકસ ક્રેડિટ મેળવે છે.અને રીનોસા,મેક્સિકો કે વુહાન અને ચીનમાં કામ કરાવે છે.

અનેક કંપનીઓએ ઓહાયોમાં તેમના કોલ સેન્ટર બંધ કરી દીધા છે.અને ભારત કે મેકસિકોમાં ખસેડ્યા છે. કસ્ટમર સર્વિસ દરેક કંપનીની સફળતાનો મુખ્ય આધાર છે.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ગ્રીનકાર્ડ બેકલોગ ખતમ કરવા અમેરિકામાં ભારતીયોની રેલી

દેશપ્રમાણેના નિયંત્રણો દુર કરીને ગ્રીનકાર્ડ બેકલોગનો અંત આણવા માટે હજારો ભારતીય વ્યવસાયિકોએ અમેરિકામાં શાંતિપુર્ણ રેલીઓ કાઢી હતી.

કાયમી કાયદેસરના વસવાટ કે ગ્રીનકાર્ડની ફાળવણી માટે દરેક દેશ માટે સાત ટકાની મર્યાદા રાખવાની હાલમી ઇમીગ્રેશન સિસ્ટમને કારણે સહન કરનારાઓમાં બહુધા એચ-૧ બી વર્ક વિઝા હેઠળ આવેલા ભારતીય અમેરિકનો છે.આ નીતિને પગલે ભારતીય સ્કિલ્ડ ઇમીગ્રાન્ટો માટે ગ્રીનકાર્ડની રાહ જોવાનો સમય ૭૦ વર્ષ સુધી લંબાઇ શકે છે.

દેશ પ્રમાણે કાયદેસરના કાયમી વસવાટ અંગે મર્યાદાનો અંત આણવા ટેકો આપવા માટે સાંસદોને વિનંતી કરતી આ રેલીઓ સપ્તાહને આરકાન્સાસ,કેન્ટુકી અને ઓરેગોનમાં યોજાઇ હતી. હવે આ મુદ્દે અમેરિકન પ્રજા અને સાંસદોમાં જાગૃતિ આણવા માટે ભેદભાવભરી ગ્રીનકાર્ડ બેકલોગના મુદ્દે સુધારા કરવાની માંગ સાથે કહ્યુ હતું કે આ નીતિથી ભારતથી આવતા ગ્રીનકાર્ડના અરજદારો આધારીત રોજગાર પર અસર પડે છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

## નવક્રાંતિ

બિહારમાં અનેક જગ્યાઓ પર કોમી રમખાણો ફેલાઇ ગયા છે.ભાગલપુરમાં કોમી હિંસા ભડકાવવા માટે બિહરા પોલીસે કેન્દ્રીય મંત્રી અશ્વનીકુમાર ચૌબે ના પુત્ર અરિજીત શાશ્વતની ધરપકડ કરી છે.ભાગલપુરની કોર્ટે એક સપ્તાહ પહેલા વોરંટ જારી કર્યુ હતું. પરંતુ પોલીસ તેને પકડવામાં કામયાબ નીવડી નહોતી.વિધાનસભાની ચુંટણીમાં ભાગલપુર બેઠક પરથી આ વ્યક્તિએ ઉમેદવારી કરી હતી.

શાસ્વત પર વગર પરવાનગીએ રેલી કાઢવા,ઉશ્કેરણીજનક નારાબાજી કરી હિંદુ-મુસ્લીમ રમખાણો ભડકાવવાનો કેસ પોલીસે દાખલ કર્યો છે.જો કે કેન્દ્રીય મંત્રી પોતાના પુત્ર સામે ખોટો કેસ કરવામાં આવ્યો છે તેવું રટણ ચાલુ રાખ્યું છે. પરંતુ સોશ્યલ મીડીયા પર ફેલાઇ ગયેલા સમાચારો પરથી એવું દેખાય છે કે સમગ્ર બિહારમાં જે રીતે રમખાણો ફેલાવવામાં આવ્યા છે તે પાછળ કોઈ ચોક્કસ રાજકીય હેતુ ફલિત થતો દેખાય છે.સત્તા પક્ષ પર બેઠેલા કેટલાક નેતાઓના આર્શીવાદથી કેટલાક કટ્ટરવાદી સંગઠનો રમખાણો ફેલાવવા માટે વ્યવસ્થિત કાર્ય કરી રહ્યા છે તેથી સરકાર અસરકારક કામ કરી શકતી નથી. બિહારમાં નીતિશકુમાર અને ભાજપની ગઠબંધનની સરકાર અસ્તિત્વ ધરાવે છે.હવે નીતિશકુમારનું વર્ચસ્વ ઘટી ગયું છે અને ભાજપનું વધી ગયું છે તેથી વ્યવસ્થાતંત્ર પરનો નીતિશકુમારનો કાબુ ખતમ થઈ ગયો છે.બિહારની સરકારનું રિમોટ કંન્ટ્રોલ નાગપુરથી ચાલે છે તેવું કહેવાઈ રહ્યું છે.સત્તાની સાઠમારી દેશની લોકશાહીનો ખુરદો બોલાવી દે છે તેનો આ તાદ્દશ નમુનો છે.

૨૦૧૮-૧૯નું નવુ નાણાંકીય વર્ષ અને ભાજપની સરકારની મુદત પુરુ થવાનું છેલ્લુ વર્ષ છે.પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળે છે.વિકાસના ગાડી ક્યાં ચાલે છે તેની કોઈને ખબર નથી.વિકાસ ક્યાં થયો છે અને કોનો થયો છે તેના લેખા જોખા પાંચ વર્ષ પછી તો નીકળશે.હાલમાં સત્તાધારી પક્ષના નેતાઓ પોતાની સત્તા ટકાવી રાખવા માટેના પ્રયત્નોમાં ડુબેલા છે.દેશનુ જે થવાનું હોય તે થાય.

---

અનુ. પાન નં ૧નુ ચાલુ

છે.પત્રમાં તે મુદ્દા પર ધ્યાન દોરવામાં આવ્યું છે કે સરકાર હાઈકોર્ટના ન્યાયમુર્તિઓની નિમણુંક માટે સુપ્રીમ કોર્ટના કોલેજીયમ દ્વારા થતી રહેતી ભલામણોની પસંદગીના ધોરણે સ્વીકાર કરી રહી છે? સરકારને જે નામ અનુકુળ ના હોય તેની અવગણના પણ કરે છે. સરકારનું આ વલણ ન્યાયતંત્રની સ્વાયત્તતાને પ્રભાવિત કરે છે.આ સ્થિતિ અંગે આ ફુલ કોર્ટની બેઠક બોલાવીને ચર્ચા કરવા પત્રમાં સુચવવામાં આવ્યું છે.ન્યાયતંત્રના વહીવટને મુદ્દે જાહેર મહત્વની બાબતો સંકળાયેલી હોય ત્યારે મુખ્ય ન્યાયમુર્તિ ફુલ કોર્ટની બેઠક બોલાવતા હોય છે.

---

અનુ. પાન નં ૪ નુ ચાલુ

નીકળી શકે તેવું જ્ઞાન આપી શકે.દેશના નાણાંમંત્રીઓ વકીલ ના હોવા જોઈએ એમ કેટલાકનું માનવું છે કારણ કે તેઓ યેનકેન પ્રકારની દલીલો દ્વારા લોકોને ફસાવી દે છે.જે હાલમાં થઈ રહ્યું છે.મોટા મગરમચ્છો આસાનીથી પરદેશ જતા રહે અને પાછળથી એનપીએ માંડવાડ થઈ જાય અને પછી સરળતાથી તેઓ પોતાની મિલ્કતનો વહીવટ કરી શકે તેવી જોગવાઈ આજ વકીલો કરે છે.

તાજેતરમાં બેન્કોના થયેલા ગોટાળામાં એનડીએ સરકારે યુપીએ સરકારને તકસીરવાર ઠરાવવામાં ભારે પ્રયાસ કર્યો પરંતુ સૌથી વધારે ગોટાળા તેમના સમયમાં થયા છે.હવે ચોકીદાર ભુતકાળમાં થયેલી શરુઆતને ભાંડે છે પરંતુ ચોકીદારીમાં નિષ્ફળતાને જવાબદાર ઠેરવતાં નથી.નાણાંમંત્રી અરુણ જેટલીએ ભુતકાળમાં ગુજરાતમાં થયેલા માધુપુરા કૌભાંડમાં લોકોના નાણાં ડુબી ગયા તેનો કેસ તેમણે પોતાના હસ્તક લઈને માધુપુરા બેન્કના કૌભાંડીઓને બચાવવા ભરપુર પ્રયાસો કર્યા હતા. જ્યારે તેઓ ગુજરાતમાંથી ચુંટાયેલા સભ્ય હતા અને ગુજરાતની પ્રજા પ્રત્યે તેમની જવાબદારી હતી.હાલમાં પણ પીએનબી કૌભાંડના કૌભાંડીઓને બચાવવા માટે નાણામંત્રીની પુત્રી પેરવી કરી રહી છે તેવા સમાચારોનો મતલબ એ થાય છે કે સરકારમાં બેઠેલા જવાબદારી ભુતકાળના લોકો પર ઢોળી પોતે મલાઈ ખાવામાં ભાગીદાર તો છે અને વધુ મલાઈ ચાટી જવામાં તેમની મદદગાર છે.હવે પ્રજાને મુરખ બનાવાના દાવપેચ ચાલી રહ્યા છે.ખેર, દેશની ભોળી જનતા ક્યાં સુધી આ લોકોનો ભોગ બનશે તે નક્કી નથી. પરંતુ હજુ પણ પ્રજા શાનમાં સમજીને તેમનો પાવર વાપરે તે જરુરી છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર

બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧


## સામાન્ય ભારતીયોની જીંદગી બચાવવા સરકાર કોઇપણ જાતના પ્રયત્નો કરતી નથી માત્ર મોટો મોટા આશ્વાસનો આપે રાખે છે

ભારત સરકારનું વિદેશ ખાતું અને મંત્રી વારંવાર જે બાબતની ક્રેડિટ લઈ રહ્યા છે કે અમે ઈરાકમાંથી ફસાયેલા માટે બધા જ પ્રયત્નો કર્યા છે અને છોડાવ્યા છે.કેરળની નર્સોના અપહરણમાં સમાધાન થયુ હતું. અને કોઈ અજાણ્યા બિઝનેસમેનના પ્રયાસ થકી અને ખંડણીની ચુકવણી પછી તેમની મુક્તિ શક્ય બની હતી. પરંતુ સરકારે તેનો જશ લેવાનો પ્રયત્ન કર્યો હતો.એવી બીજી કેટલીક ઘટનાઓ પણ બની જેમાં ખંડણી ચુકવાઈ છે અને છુટકારો થયો છે. તાજેતરમાં યોજાયેલ કેટલીક સભાઓમાં પ્રિસ્ટોને છોડાવવામાં સરકારે અગ્ર ભાગ ભજ્યો છે તેવી જોરશોરથી રજુઆત કરવામાં આવી હતી.પરંતુ ખોટા જુઠ્ઠાણા ફેલાવવાની આદત સત્તાસ્થાને બેઠેલા લોકોની છુટતી નથી.

આજ પ્રમાણે ઈરાકમાં ૩૯ લોકોના મોત અંગે છેલ્લા ચાર વર્ષોથી વિદેશ મંત્રી રટણ કરતાં રહ્યા કે અમારા સુત્રો મુજબ તેઓ જીવતા છે.પરંતુ હકીકતે તે ખોટી વાત હતી. કયા કારણોસર તેઓ આ વાત છુપાવતા હતા તે તેઓ ભેદ ખોલે ત્યારે જ ખબર પડે. સત્યને છુપાવવાની શા માટે જરુર પડે છે.

જુન ૦૧૪માં આ ઘટના ઘટી.પરંતુ બહુમતી પંજાબીઓ અને બિહારીઓનું શું થયું તે સવાલ સતત ઘુમરાતો રહ્યો.હરજિત મસિહ નામનો એક શ્રમિક ભાગી છુટવામાં સફળ રહ્યો અને તેણે ભારત આવીને ૩૯ સાથીઓને ગોળીએ વિંધી નાંખ્યા છે તે સમાચાર આપ્યા.પરંતુ તેને રાજકારણે સ્વીકાર્યા નહીં.શું પંજાબ અને બિહારનું રાજકારણ અને ચુંટણીઓ તેમના ધ્યાનમાં હતી ? સવાલો અનેક ઉભા થાય છે.પરંતુ સ્વજનોએ સત્તાવાર ખુલાસો નહી થતાં પણ માની લીધું કે તેઓના મોત નિપજ્યા હશે.

ભારત સરકારે આટલા બધા સમય સુધી શા માટે આ સમાચાર ઉપર પડદો પાડી રાખ્યો તે સવાલ દરેકના મનમાં થાય તે સ્વાભાવિક છે.ભારત સરકાર તેના નાગરિકોને બચાવવા માટે શા માટે નિષ્ફળ રહી.સરકારે દાવાઓ તો મોટા મોટા કર્યા હતા પરંતુ તે બધાજ દાવાઓ પોકળ નિવડ્યા.ઈઝરાયેલ જેવા દેશે એન્ટેબી ઉપર હુમલો કરીને તેના નાગરિકોનો બચાવ કર્યો હતો તે જાણીતી બાબત છે.જ્યારે આપણી સરકારે મોત પામેલા લોકોના સ્વજનોને પણ ચાર ચાર વર્ષ સુધી જાણકારી આપી નથી.ભાંડો ફુટવાના કારણે ઉતાવળે જાહેરાત કરી છે.

---

## ચીનની ભારત સહિત દુનિયાભરને ખુલ્લી ધમકી : તેની એક ઇંચ જગ્યા માટે લોહીયાળ જંગ ખેલશે : જિગપિંગ

ચીનના રાષ્ટ્રપ્રમુખ પદે આજીવન રહેવાની જોગવાઈ બાદ પોતાની બીજી પાંચ વર્ષની ટર્મનો પ્રારંભ કરતાં શી જિનપીંગે જણાવ્યુ હતું કે ચીન પોતાની એક ઈંચ જમીન પણ જતી નહીં કરે અને પોતાની સ્વાયતતાની સુરક્ષા કરશે.ભારત સાથે સરહદી વિવાદો ઉપરાંત ઈસ્ટ ચાઈના સીમાં જાપાનના કબજામાં રહેલા ટાપુઓ અને સાઉથ ચાઈના સીના મોટા વિસ્તારો પર દાવો કરી રહ્યો છે.આપણે ચીનની સ્વાયતતા અને પ્રાદેશિક અખંડતા જાળવવી જોઈએ. ચીનનો દરેક નાગરિક આમ ઈચ્છે છે.ચીનના મુળભુત સિધ્ધાન્તો પણ આવા જ છે.

જિનપીંગે કહ્યુ હતું કે ચીન દુનિયામાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરવા માટે લોહિયાળ જંગ ખેલવા માટે પણ તૈયાર છે.અમેરિકા અને ભારત પર નિશાન સાધતાં જિનપિંગે જણાવ્યુ હતું કે ચીન ક્યારેય અન્ય દેશો પર વિસ્તારવાદની નીતિ અપનાવશે નહીં.ફક્ત એ લોકો જ ચીનને જોખમ માને છે.જેઓ પોતે અન્ય માટે જોખમરુપ છે.અન્ય દેશો અને તેમની જનતા માટે ચીન દ્વારા લેવાયેલ પગલાંને ખોટી રીતે મુલવવા જોઈએ નહીં. કારણકે આખરે વિજય સત્યનો જ થાય છે.ઈતિહાસ દર્શાવે છે કે ચીનને વિભાજીત કરવાનો કોઈપણ પ્રયાસ સફળ રહ્યો નથી.

---

## સરકારી દસ્તાવેજોમાં બાબાસાહેબ આંબેડકરનું નવું નામ ભીમરાવ રામજી આંબેડકર યોગી સરકારે આપ્યું

યુપીમાં ડો.બી.આર આંબેડકરના મિડલનેમ તરીકે રામજીને સત્તાવાર સ્થાન આપવામાં આવ્યું છે.યુપીની યોગી સરકારે તેના તમામ વિભાગો તથા અલ્હાબાદ હાઈકોર્ટ અને તેની લખનઉ બેન્ચને ડો. ભીમરાવ આંબેડકરને સ્થાને તમામ દસ્તાવેજો માં અને રેકોર્ડોમાં ડો.ભીમરાવ રામજી આંબેડકર લખવાનો આદેશ આપ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે બાબાસાહેબે બંધારણના પાના પર આ પ્રમાણે જ હસ્તાક્ષર કર્યા હતા. અંગ્રેજીમાં તેમને સ્પેલીંગ યથાવત રહેશે. પરંતુ હિન્દીમાં તેમના નામનો ઉચ્ચાર થાય છે તે પ્રમાણે રહેશે.ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર મહાસભાના ડિરેકટર ડો.લાલજીપ્રસાદ નિર્મલે જણાવ્યુ હતું કે ડિસે.૨૦૧૭માં રાજયપાલ રામ નાઈકે આ માટે અભિયાનનો પ્રારંભ કર્યો હતો.રાજયપાલે વડાપ્રધાન,મુખ્યમંત્રી અને મહાસભાને પત્રો લખ્યા હતાઅને આંબેડકરની ખોટી જોડણી પર ચિંતા વ્યક્ત કરી હતી.નિર્મલે જણાવ્યુ હતું કે મુખ્ય મુદ્દો બાબાસાહેબના નામનો ઉચ્ચાર કેવી રીતે થાય તે હતો. અંગ્રેજીમાં તેમનો સ્પેલીંગ સાચો હતો. પંરતુ હિન્દીમાં તેમની જોડણીમાં તેમજ ઉચ્ચારમાં બદલાવ થવો જોઈએ.બાબાસાહેબના પિતાનું નામ રામજી હતું.મહારાષ્ટમાં ચાલતી પરંપરા પ્રમાણે પુત્રો માટે પિતાનું નામ મિડલ ને તરીકે વાપરવામાં આવે છે. પરંતુ રામજી નામ ઉમેરીને સત્તા પક્ષને તેને મતમાં તબદીલ કરવા માંગે છે તેવું લાગે છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

*યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ*

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

# ઇરાકમાં સ્વજનોના મોત અંગે સરકારે સમાચારો છુપાવ્યા કેમ ? હત્યાકાંડમાં માર્યા ગયેલા મૃતકોના પરિવારજનોનો સવાલ

કેન્દ્રીય વિદેશ મંત્રીએ રાજયસભામાં કરેલી કબુલાત મુજબ અગાઉ ૩ વર્ષ પહેલા ઇરાકના મોસુલમાં આતંકવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટ દ્વારા અપહરણ કરાયેલા તમામ ૩૯ ભારતીય નાગરિકોની હત્યા કરવામાં આવી છે.અને તેમના મૃતદેહોના અવશેષો મળી આવ્યા છે.ઇરાકના મોસુલમાં ઇસીસ આતંકીઓએ આચરેલા હત્યાકાંડમાં પોતના સ્વજનો માર્યા ગયા છે એ સમાચાર જાણીને શોકગ્રસ્ત પરિવારજનો સરકાર સામે સવાલ ઉઠાવી રહ્યા છે કે તેઓને આ સમાચાર અંગે અંધારામાં કેમ રાખવામાં આવ્યા ?ઇરાકમાં ૨૦૧૪માં ૩૯ ભારતીય નાગરિકોનું આઇએસના આતંકીઓએ અપહરણ કરીને તેમની હત્યા કરી દીધી હતી.

વિદેશ મંત્રી સુષમા સ્વરાજે કહ્યુ હતું કે હું કોઇ નક્કર પુરાવા વિના ભારતીય નાગરિકોને મૃત જાહેર કરી શકું નહીં.હુ મારા વચનનું પાલન કરીશ.નક્કર પુરાવા સાથે જ આ પ્રકરણનો અંત આવશે.આપણે ભારે હદયે તેમના મૃતદેહો સ્વજનોને સોપીશું ત્યારં આ પ્રકરણ પુરુ થયું ગણાશે.પ્રોટોકોલ પ્રમાણે મે સંસદને જાણ કરી. આ એક સંસદીય પ્રક્રિયા છે.પહેલા સંસદને જાણ કરવી પડે તે મારી ફરજ છે.

ઇરાકમાં માર્યા ગયેલાના ભારતીય સ્વજનોએ ભારત સરકારની આકરી ઝાટકણી કાઢી હતી.કારણકે તેમણે સમાચાર માધ્યમોને ચાર વર્ષો સુધી અમારા સ્વજનો જીવતા છે તેવા ખોટા દિલાસાઓ આપીને અમને અંધારામાં રાખવામાં આવ્યા હતા.

એક વ્યક્તિ જે જીવતો પાછો આવ્યો હતો તેની વાતને સરકાર ખોટી ઠેરવતી હતી.હવે ચાર વર્ષે એકાએક અમને જણાવે છે કે તમારા સ્વજનો મૃત્યુ પામ્યા છે.ભારતીયોના વિદેશમાં રક્ષણ મુદે આ સૌથી મોટી નિષ્ફળતા છે.અમે અત્યાર સુધીમાં ૧૧ થી ૧૨ વખત સુષમા સ્વરાજને મળ્યા હતા. તેઓ માત્ર એક રટણ કરતા હતા કેઅમારા સુત્રો પ્રમાણે તમારા સ્વજનો જીવતા છે અને હવે કહે છે કે તેઓ મૃત્યુ પામ્યા છે.

સરકારે અપહરણ કરાયેલા ભારતીયોના પરિવારોને ખોટી આશાઓ આપી રહી હતી.આ માહતી આપવામાં સરકારે આટલો બધો વિલંબ કેમ કર્યો તે એક પ્રશ્ન છે.જો કે કોગ્રેસી નેતા રણદીપ સુરજેવાલાએ કહ્યુ હતું કે વિદેશમંત્રીએ ખુબજ ઉતાવળે કેટલાક ખુલાસાઓ કર્યા છે.પરંતુ વાસ્તવિકતા એ છે કે ઇરાકની શહીદો માટે કામ કરતી સંસ્થાએ પત્રકાર પરિષદ રાખીને ૩૯ ભારતીયોના મોતનો ખુલાસો કરવાનું નક્કી કર્યુ હતું.તેથી ઉતાવળે સુષમાજીએ આ જાહેરાત કરી દીધી.

# રાજ્યસભાની ટીકીટ ન મળતાં સમાજવાદી પાર્ટીના નેતા નરેશ અગ્રવાલ ભાજપમાં જોડાયા

ઉત્તરપ્રદેશમાથી રાજ્યસભાની ટિકીટ ન મળતાં નારાજ થયેલા સમાજવાદી પાર્ટીના નેતા અને અખિલેશ યાદવના એક સમયના માનીતા નરેશ અગ્રવાલે ભાજપમાં પ્રવેશ કરી લીધો હતો.આયારામ - ગયારામ ની પંગતમાં તેઓ બેસી ગયા હતા.સંસદમાં બીજેપી વિરુધ્ધ મોરચો માંડનાર અગ્રવાલને રાતોરાત બીજેપીએ પોતાના ઘરમાં સમાઇ લીધા તે બાબતનું અચરજ જરુર છે પરંતુ બાજપ માટે હવે કોઇ આચાર સંહિતાની વાત કરવી નાજુક તબક્કામાં પહોચી ગઇ છે.સત્તા મેળવવા માટે બીજેપીએ તમામ નીતિ નિયમોને બાજુ પર ધકેલી દીધા છે તે હવે જાણકારી તમામને થઇ ચુકી છે.

અગ્રવાલે ભાજપમાં પ્રવેશ મેળવ્યા બાદ સપાના રાજ્યસભાના ઉમેદવાર જયા બચ્ચન માટે વિવાદાસ્પદ ટિપ્પણી કરતાં ભાજપ પક્ષ ખુદ મુંઝવણમાં મુકાઇ ગયો હતો.અગ્રવાલે કહ્યુ હતું કે જે લોકો ફિલ્મોમાં નાચે છે તેમને સપાએ રાજ્યસભામાં મોકલવાનો નિર્ણય કર્યો છે.તેમના આ નિવેદનથી વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ અત્યંત નારાજ થયા હતા. તેમણે કહ્યુ હતું કે ભાજપમાં અગ્રવાલનો આવકાર છે પણ તેમણે આ પ્રકારના નિવેદનો ના કરવા જોઇએ.

ખરેખર ભાજપને લોકસભામાં બુરી રીતે ભાંડવામાં અગ્રવાલે કોઇ સીમા રાખી નહોતી છતાં તેમને આવકાર્યા તે ભાજપની મોટાઇ છે


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૨૩૮૦૦૧૯૮૯


# લોકસભામાં શ્રમમંત્રીએ લેખિત ખુલાસો કરી જણાવ્યુ કે સરકારે રોજગાર સર્જન માટે કોઇ ટાર્ગેટ રાખ્યો નથી

૨૦૧૪માં લોકસભાની ચુંટણીઓ ટાણે એનડીએની સરાકર રચાશે તો દેશમાં બેરોજગારીની સમસ્યાને હલ કરવા સરકાર કેવા પ્રયત્નો કરશે તેનો રોડમેપ પ્રજાને દેખાડ્યો હતો.મત મેળવવા માટે બેરોજગારોને કરાયેલી અપીલના કારણે મતપેટીઓ છલકાઇ હતી કારણકે યુવા મતદારોની સખ્યા વધુ હતુ.પરંતુ હવે લોકસભામાં શ્રમમંત્રીએ ખુલાસો કરતાં જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકાર દ્વારા નોકરીઓ આપવા માટે કે રોજગાર પુરો પાડવા માટે કોઇ ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો નથી. માત્ર રોજગારની વ્યાખ્યા તાજેતરમાં વડાપ્રધાને કરી હતી પકોડા બનાવીને વેચવા એ પણ રોજગારની એક અનોખી રીતનું તેમણે વર્ણન કર્યુ હતું.અને પરિણામે તેની ઘણી ટીકાઓ પણ થઇ હતી.હાલમાં રોજગારીનું સર્જન એ જ સરકારની પ્રાથમિક ભુમિકા છે.શ્રમમંત્રી ગેગવર જણાવ્યુ હતું કે સરકાર દ્વારા રોજગારીના સર્જન માટે સક્રિયતાથી કામ કરવામાં આવી રહ્યું છે.ખાસ કરીને ખાનગી ક્ષેત્રમાં રોજગારીનું સર્જન થાય, જે પ્રોજેક્ટ ચાલી રહ્યા છે તેને વેગ મળે અને આ ક્ષેત્રમાં રોકાણ થાય તથા વડાપ્રધાન રોજગાર સર્જન કાર્યક્રમ હેઠળ અને મહાત્મા ગાંધી રુરલ એમ્પ્લોયમેન્ટ ગેરન્ટી સ્કીમ તથા પંડિત દિન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ રોજગારીના સર્જન માટે કામગીરી કરવામાં આવી રહી છે.ભારતમાં બેરોજગારોની સંખ્યા ૨૦૧૭માં ૧.૮૩ કરોડ હતી. તે ૨૦૧૮માં વધીને ૧.૮૬૭ કરોડની થઇ છે. ૨૦૧૯માં આ જ આંકડો ૧.૮૯ કરોડ સુધી પહોચશે તેવી શક્યતાઓ છે.૩.૫ ટકાના દરે બેરોજગારી વધતી હોવાનો અંદાજ છે.જો કે સરકારે કરેલા દાવાઓ મુજબ રોજગારી વધી નથી અને બેરોજગારોની સંખ્યા વધતી જાય છે.ભાજપ સરકાર માટે બેરોજગાર,મોંઘવારી, અર્થતંત્રની નબળાઇ અને વિરોધ પક્ષોનો હોબાળો મુખ્ય તકલીફો બની રહી છે.

# બિલ્કીસ કેસમાં દોષિત પોલીસો સામે ગુજરાત સરકારે શું પગલાં લીધી તેનો રીપોર્ટ ફાઇલ કરવા સુપ્રીમ કોર્ટે અંતિમ તક આપી

સુપ્રીમ કોર્ટે ૨૦૦૨ના બિલ્કીસ બાનુ ગેંગરેપ કેસમાં દોષીત ઠરેલા પોલીસ અધિકારીઓ સામે લેવામાં આવેલા શિસ્તના પગલાં અંગે એક સ્ટેટસ રિપોર્ટ ફાઇલ કરવા માટે ગુજરાત સરકારને અંતિમ તક આપી છે.

મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાની આગેવાની હેઠળની બેન્ચે તેનો જવાબ ફાઇલ કરવા માટે વધુ છ અઠવાડીયાનો સમય આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૨ના રમખાણો દરમિયાન રણધીકપુર ગામમાં ત્રીજી માર્ચ ૨૦૦૨ના રોજ ગર્ભવતી બિલ્કીસ બાનો પર ગેંગરેપ થયો હતો.તેના પરિવારના ૧૪ લોકોને મારી નાંખવામાં આવ્યા હતા. આ કેસ અંગે જાન્યુઆરીમાં થયેલી સુનાવણીમાં સુપ્રીમે દોષિત પોલીસ અધિકારીઓ સામે લેવામાં આવેલા પગલાં અંગે એક રિપોર્ટ ફાઇલ કરવા ગુજરાત સરકારને કહ્યુ હતું અને બિલ્કીસ બાનો માટે વળતરની માંગણીની અરજી પર તેનો જવાબ આપવાની પણ સુચના આપી હતી.


ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# મહારાષ્ટ્રના ખેડુતોએ કરેલું આંદોલન શાંતિપુર્વક અને શિસ્તબધ્ધ ચાલ્યું અંતે સરકારને ઝુકાવી : લોકોનો ભાવ-આદર મેળવ્યો

મહારાષ્ટ્રના ખેડુતોએ કૃષિ લોન માફ કરવા સહિતની તેમની માંગણીઓ સાથે નાસિકથી પગપાળા નીકળીને પાંચ દિવસથી વધુ ચાલીને,૧૮૦ કી.મી.ની લાંબી યાત્રા કરીને મુંબઇના આઝાદ મેદાન ખાતે સવારે સાત વાગ્યે એકઠા થયા.વહેલી સવાર એટલા માટે પસંદ કરી કે ઓફીસ જનારા મુંબઇવાસીઓ અને ખાસ કરીને બોર્ડ સહિતની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને તેઓ અડચણરુપ ન બને. અભણ ખેડુતોએ દેશના સૌથી મોટા શહેરમાં કોઇ પણ પ્રકારનું વિઘ્ન કે અડચણ ઊભુ કર્યા વિના પોતાનો વિરોધ અને પ્રદર્શન કર્યુ તેના કારણે લોકોમાં તેઓ અત્યંત પ્રિય થઇ ગયા છે. ખેડુતોએ લીધેલી કાળજીને કારણે મુંબઇવાસીઓ તેમની પર ઓવારી ગયા છે.પગમાં છાલા પડી ગયા હોય,ફાટેલા-તુટેલા સ્લીપર પહેર્યા હોય તેમ છતાં એવી તે સી માંગણી છે કે ૧૮૦ કી.મી. ચાલીને આ ખેડુતો અહીં આવી પહોચ્યા છે તે સમજવાનો મુંબઇવાસીઓ પણ પ્રયાસ કરવા લાગ્યા છે.

ડાબેરી વિચારધારા ધરાવતા કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડીયા -માર્ક્સવાદી(સીપીએમ)ની કિસાન પાંખ ઓલ ઇન્ડીયા કિસાન સભા અને અન્ય કેટલાક સંગઠનોની આગેવાનીમાં આ પ્રદર્શન યોજાઇ રહ્યું છે. નાસિકથી તેઓ રવાના થયા હતા. પોલીસનો દાવો છે કે વિરોધ પ્રદર્શન કરી રહેલાઓની સંખ્યા ૧૫૦૦૦ છે. જ્યારે યુનિયનોનો દાવો છે કે સંખ્યા પચાસ હજારની છે. વાસ્તવિક નંબર૩૫૦૦૦ની આસપાસ હોવાની સંભાવના છે.

ખેડુતોની માંગણી છે કે તેમની તમામ લોન માફ કરી દેવાય.વીજળી બિલ માફ કરી દેવાય.સ્વામીનાથન પંચની ભલામણોનો અમલ કરાય, કૃષિ પેદાશ માટે લઘુત્તમ ટેકાના ભાવની જાહેરાત થાય અને ખેડુતો માટે પેન્શન સ્કીમ શરુ કરાય.વિપરિત હવામાન અને અપુરતા વરસાદને કારણે પાકને નુકશાન થવાને કારણે ખેડુતો આ માંગણી કરી રહ્યા છે.

રાજ્ય સરકારે ખેડુતો માટે લોન માફી તો જાહેર કરી જ દીધી છે.પણ તેની પ્રક્રિયા સામે ખેડુતોને વાંધો છે.૭૭ વર્ષીય વિશ્વનાથ બાગરે અને ૬૦ વર્ષીય મીરાબાઇ મોહન બાગરે પણ મુંબઇ પહોચ્યા છે.તેઓ કહે છે કે તેમની માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી તેઓ ઘેર નહીં જાય.બાગરેના ૩૮ વર્ષના દીકરાએ ૨૦૧૧માં ઝેર પીને આપઘાત કરી લીધો હતો.૨૦૦૮માં તેના પર દોઢ લાખ રુપીયાનું દેવું હતું. જે તે ચુકવી શકે તેમ ન હતો.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી હતી. આ ઉપરાંત છ કેબિનેટ મંત્રીઓની એક સમિતિ પણ બનાવી છે. જે ખેડુતોની માંગણી પર ચર્ચા વિચારણા કરશે.ભાજપ સિવાય તમામ પક્ષોએ ખેડુતોને ટેકો જાહેર કર્યો છે.શિવસેનાના નેતા આદિત્ય ઠાકરે ખેડુતોને મળ્યા હતા.મુંબઇવાસીઓને પણ એક સાથે હજારો ખેડુતોને જોઇને આશ્ચર્ય થયું હતું. કેટલાકે સેલ્ફી લીધી હતી. કેટલાકે તેમને અનાજ અને પગરખાં ઓફર કર્યા હતા.જેમને જગતના તાત કહીને આપણે પોરસાઇએ છીએ તેમને જ પોતાના હક માટે આ રીતે આંદોલન કરવું પડે તે સ્થિતિ જ શરમજનક ગણવી જોઇએ.

મહારાષ્ટ્ર સરકારે ખેડુતોની માંગણીઓનો સહર્ષ સ્વીકાર કરીને તેને ઉકેલવાની ખાત્રી આપી છે જેથી ખેડુતોનું આંદોલન હાલ પુરતુ શમી ગયું છે. હવે સરકાર ખરેખર આ બાબતે કેટલા અને કેવા ઝડપી ઉકેલ લાવે છે તેના પણ બધી બાબતો નિર્ભર છે.એકવાત સ્પષ્ટ છે કે ખેડુતોનું શિસ્ત સભર આંદોલન જે રીતે થયું તે માટે આયોજકોને અભિનંદન આપવા ઘટે.મોટા મોટા આંદોલનો કેટલીક વાર માંગણીઓ માટે ઉગ્ર બની જતાં હોય છે અને તેના કારણે મોટા નુકશાન થાય છે.પરંતુ એવું કશું નથી થયું તે આંદોલનની મહાન સિધ્ધિ કહી શકાય.આ આંદોલનને લોકોએ પણ રીતસર વખાણ્યુ અને વધાવ્યુ છે.

# માત્ર અમીરો એ જ રાજકારણમાં આવવું તેવી પરંપરા સ્થાપિત થવા લાગી છે

રાજકારણમાં કોણ આવે ? હવે એ સવાલ બાબતે ચર્ચા કરીએ તો તેમાંથી શું અર્થ -અનર્થ નીકળે તે જોઇએ.આઝાદી પછી જે કોઇ રાજકારણમાં આવ્યા તે બધા જ નેતાઓ મોટાભાગના સમાજ સેવકો હતો. અને જેમણે પોતાની જાત લોકો માટે ઘસી નાંખી હતી.જે નેતાઓ આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો અને દેશસેવાનો ભેખ ખરેખર ધારણ કરેલો હતો તેવા લોકોને જનતાએ ચુંટ્યા હતા.ખરેખર આવા નેતાઓ પાસે બેન્ક બેલેન્સના નામે કંઇ હતું જ નહી. પરંતુ આજકાલ જે લોકો રાજકારણમાં એન્ટ્રી પાડે છે તેમાંના મોટા ભાગના લોકોની પાસે સમાજ સેવાના નામનું બેન્ક બેલેન્સ હોતું નથી. પરંતુ તેઓ પાસે અઢળક મિલ્કત હોય છે અને તેના કારણે તેઓ સત્તાની ખુરશી પર આસાનીથી બેસી જાય છે.

સમાજ સેવામાં પ્રજા કેવા લોકોને બિરદાવતી હતી તેનો એક નમુનો જોઇએ તો તેમાં અમદાવાદની લોકસભાની સીટ માટેની ચુંટણીમાં બે પક્ષોની ચુંટણી સભા યોજાઇ હતી. જેમાં એક ચુંટણી સભા ભારતના લોકલાડીલા નેતા અને આઝાદીની ચળવળમાં અગત્યનો ભાગ ભજવનાર પંડિત જવાહરલાલ નહેરુની ચુંટણી સભા હતી અને બીજી બાજુ અમદાવાદ શહેરના મિલ મજુરોમાં જેમનું નામ મજદુર નેતા તરીકે ગણાતુ હતું તેવા ઇન્દુલાલ યાજ્ઞિકની સભા હતી.ક્રેઝ કોને કહેવાય ? પંડિત જવાહરલાલ નહેરુની સભામાં જવું હોય તો રીક્ષા મુસાફરી કરનાર પાસે ભાડુ લેતી અને ઇન્દુલાલની સભામાં જવું હોય તો રીક્ષા ચાલકો મફતમાં લઇ જતા. એક ધનવાન અને એક ગરીબ.ઇન્દુલાલ યાજ્ઞિક પેડલ રીક્ષામાં તેમનો ચુંટણી પ્રચાર કરતાં,ચણા ફાકીને પોતાનો દિવસ ટુકાંવતા.આ હતી સાચા રાજકારણીઓની એક સત્ય કથા.હાલમાં ચુંટણી સભાઓ સંબોધનારા એક વક્તાને રાત્રે ખીચડી-કઢી ખાવાનો રસ, એટલે તેમના માટે અમદાવાદથી વિમાન મારફતે તેમનું ભોજન તેઓ જ્યાં હોય ત્યાં પહોચાડાતું.તે પણ કોઇ તેમની માનીતી વ્યક્તિના હાથનું હોવાનું મનાય છે.

ખેર, છેલ્લા એક દસકામાં લોકસભા અને રાજ્યસભાની સીટો માટે નક્કી કરતાં ઉમેદવારોનું લીસ્ટ જોઇએ તો તેમની પાસે અઢળક ધન હોવાના રીપોર્ટ આવ્યા છે.જેટલું ધન વધારે તેટલી જલ્દી સીટ મળી જાય ભલે તેમનું કોઇપણ જાતનું રાજકીય કે પ્રજાકીય યોગદાન ના હોય.રાજકીય પક્ષો ધનવાનોને પોતાના પક્ષમાં લેવા પડાપડી કરે.કેટલાક રાજકીય પક્ષો મસલ્સ પાવર ધરાવતા લોકોને પ્રાધાન્ય આપવા માંડ્યુ તો કેટલાક પક્ષોએ ધાર્મિક આગેવાનો ને પક્ષમાં ભેળવ્યા.જેમણે સંસારનો ત્યાગ કરી દીધો છે તેને પાછા સંસારમાં લાવીને શું ઉકાળવાનું તે તો તેઓ જ જાણે. બાકી જેઓને પોતાના આત્માને તારવાની કડાકુટ હોય અને મોહમાયા ત્યાગી દીધી હોય તેમને પાછા ઢસડી લાવવા તે કેટલે અંશે વ્યાજબી કહેવાય.પરંતુ આવા સાધુઓને એ જ માફક આવે છે.સાધુઓ પણ ધનવાન બની ગયા છે. લક્ષ્મીની લાલચ અને મોહ તેઓ ત્યાગી શક્યા નથી. માત્ર કપડાં કેસરી કલરના પહેરીને તેઓએ પ્રજાને છેતરવાનો પ્રયોગ હાથ ધર્યો છે.એક એવા સાધુ પણ છે કે જેમણે વેપાર જ ચાલુ કરી દીધો છે અને સાધુપણાના અંચળા હેઠળ મોટા ઉદ્યોગપતિ બની બેઠા છે.શરુઆત તો તેમણે આરોગ્યની વિવિધ કળાઓ સાથે કરી હતી.પરંતુ આખરે તેઓ મોરની માફક વિવિધ કળા કરીને સમગ્ર વિશ્વમાં તેમનો પંજો ફેલાવી દીધો છે.અને આરોગ્યની સાથે છળકપટ કર્યુ છે.રાજકારણીઓ દ્વારા તેમને મજબુત પીઠબળ પ્રાપ્ત છે તેથી કોઇ તેમના જુઠને પડકારી શકે તેમ નથી.

શું રાજકારણ એ માત્ર ધંધો બની ગયો છે ? જવાબ હકારમાં જ છે કારણકે જેઓ રાજકારણમાં હાલમાં ગાદી પર બેઠેલા છે તેઓ માત્રને માત્ર આર્થિક રીતે સમૃધ્ધ થતા ગયા છે.ગરીબો વધુ ગરીબ બની રહ્યા છે. ગરીબો પાસેની મુડી તેમનો મત છે અને તે વેચાતો લેવાય છે,ઝુંટવી લેવાય છે અને અન્ય તરકીબો દ્વારા મેળવી લેવાય છે.દેશમાં વિવિધ ટેક્સની માયાજાળ એવી ગોઠવી દેવાઇ છે કે ગરીબો આ ચક્રવ્યુહમાંથી બહાર નીકળી શકે તેવી કોઇ જોગવાઇ નથી. ખેર, અભિમન્યુને છ કોઠા જીતી લેવાની તરકીબ હાંસલ થઇ હતી. પરંતુ હવે કોઇ કૃષ્ણ પેદા થાય એમ નથી, કે જે છ કોઠામાંથી બહાર

અનુ. પાન નં ૨ ઉપર

# કોગ્રેસના નેતત્વમાં વિપક્ષોને એકમત થવાની અપીલ કરતાં આરજેડી અધ્યક્ષ લાલુપ્રસાદ યાદવ

સારવાર માટે રાંચીથી દિલ્હી લાવવામાં આવેલા ચારકૌભાંડમાં સજા પામેલા આરજેડી અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવે નિવેદન કરતાં કહ્યુ હતું કે તમામ વિપક્ષોએ એકમત થવાની જરુર છે.ત્રીજા મોરચાને રદ કરી કોગ્રેસના નેતૃત્વમાં વિપક્ષને એકમત થવાની વાત તેમણે કહી હતી.કોગ્રેસ પક્ષ વગર કોઇ ફ્રંટ ન બની શકે. માયાવતી અને અખિલેશ યાદવ નજીક આવતાં ખુશી થઇ છે.ત્રીજા મોરચાને કોગ્રેસથી જુદો નથી માનતો.કોગ્રેસ હાલમાં વિપક્ષમાં છે તો એ જ ફ્રંટ છે. સૌ પ્રથમ પ્રજાએ એકઢા થવું પડશે.ત્યાર બાદ ત્રીજા મોરચાની વાત.એક જુથ થઇને હવે સાચી દિશામાં જઇ રહ્યા છીએ.

ગઠબંધનની વાતને લઇને કહ્યુ હતું કે ભાજપવાળાઓએ ઉત્તરપ્રદેશમાં હારી ચુક્યા છે.મધ્યપ્રદેશ,રાજસ્થાન અને કર્ણાટકમાં પણ તેમની આ જ હાલત થશે.સમગ્ર રાજ્યમાં ભાજપે આગ લગાવી મુકી છે.સ્થિતિ બેકાબુ બનતી જાય છે. સર્વત્ર ધમાલ અને હિંસાના હાલ છે.ભાજપે સમગ્ર પ્રદેશને બરબાદ કરી દીધો છે.

લાલુની પુત્રી મીસા ભારતીએ દિલ્હીમાં કહ્યુ હતું કે હાલમાં કેવી રીતે દેશમાંથી ભાજપ અને આરએસએસને દુર કરી શકાય તેના પર વિચારણા ચાલી રહી છે.ભાજપ અને આરએસએસ દેશના બંધારણને બદલવા માંગે છે.

દેશમાં થનારી ચુંટણીઓમાં વિપક્ષો એક બની શકે તો ભાજપને ભારે પછડાટનો અનુભવ થઇ શકે તેમ છે.જો કે ભાજપે સત્તા ટકાવી રાખવા યેન કેન પ્રકારના પ્રયોગો જારી રાખેલા છે. પરંતુ વિપક્ષોની દઢતા જ ભાજપને હરાવી શકશે. ૨૦૧૯ની ચુંટણીઓમાંભાજપને માટે કપરા છે.


## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્ક:

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.